# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦    અંક : ૨૫૭



પ્રમુખ

**સુશીલ ધીરજલાલ કાપડિયા**

મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી

**પ્રેમચંદ કેશવજી છેડા**

મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા

**દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઈડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩

**email : hydkmm@gmail.com**



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

*Jay Jinendra...*

*A very Happy New Year 2017 to you all. I hope that 2017 will be a prosperous and a year full of happiness and good health for everybody.*

*The marriage season is over and we all have to now eat the "Ghar ka Khana". I was invited to several marriages and I noticed that the weddings been to be getting more and more lavish and the food spread and decoration becoimg bigger and bigger.*

*I accept the fact that its an individuals decision on how much to spend or not, but I personally feel that we should make our celebrations simple and less elaborate.*

*Do we really need to spend so much ? why can't we cut down the cost and save the amount and invest that saved amount in our children's name ?*

*Can't we save the money and donate it to educate a poor student or pay for a poor person medical treatment ?*

*What is our responsibility towards the society we live in ?*

*I request you all to think seriously about this and I think we should try and make things simple and less Lavish.*

*Once again I wish you all A VERY HAPPY HEALTHY & SUCCESSFUL 2017.*



**Wish you a**

**very Happy & Prosperous**

**New Year 2017**



હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો

**www.shrikutchimitramandal.org**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- તા. ૨૩-૧૨-૨૦૧૬નાં કારોબારી સમિતિની મીટીંગ રાખવામાં આવી હતી.
- તા. ૧૯-૧૨-૨૦૧૬ના ભવનનાં પ્રાંગણમાં શાન્તી પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓ તરફથી એન્યુઅલ સ્પોર્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ હરીફાઈઓ રાખવામાં આવી હતી. સ્કુલના પ્રીન્સીપલ શ્રીમતી રક્ષા તુષાર ટાંક તથા પ્રાધ્યાપકો અને સંચાલક શ્રી હેમાંગ મોમાયાએ સારી મહેનત કરી કાર્યક્રમને ખુબજ સફળ બનાવ્યો, સર્વેને ખૂબ-ખૂબ અભિનંદન.
- ભવનના સાઇડ હોલના સેકન્ડ ફ્લોર (દીપક હાલ)ની ફોલ્સસીલીંગ નવી બનાવવામાં આવેલ છે તથા નવી એલ.ઈ.ડી લાઈટો લગાવવામાં આવેલ, બે મૈન દરવાજા નવા બનાવવામાં આવેલ છે.
- ભવનનાં ઈલેક્ટ્રીસીટીના ટ્રાન્સફરમર ફરતી (૬ ફીટ ઉંચી) ઇંટની દીવાલની બાઉન્ડ્રી બનાવવામાં આવેલ છે અને લોખંડનું ગેટ લગાવવામાં આવેલ છે.
- શ્રી વલભજી વિશનજી સાવલા તરફથી સુપુત્ર ચિ.વીરેનનાં લગ્ન પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે. તેઓશ્રી નો ખૂબ-ખૂબ આભાર.
- શ્રી માવજી નેણશી ગાલા (ઉણડોઠ), હૈદરાબાદ તરફથી સુપુત્ર ચિ. કૌશિક માવજી ગાલાના લગ્ન નિમિત્તે રૂા.૫૧૦૦/- સપ્રેમ ભેટ મળેલ છે. તેઓશ્રીનો ખૂબખૂબ આભાર.
- ઈશુ-ખ્રિસ્તનું ૨૦૧૭ નું આગમ થઈ ગયું આપ સર્વેને નવુ વર્ષ સુખમય અને લાભદાયી નિવડે એવી મંડળ વતી શુભકામનાઓ.



## સંપાદકીય

સંપાદિકા : દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : રમેશ મણીલાલ શાહ

સુસ્વાગતમ્ ૨૦૧૭. વર્ષ પરિવર્તન સાથે વર્તન પરિવર્તન પણ જરૂરી છે. ફક્ત આંકડાઓ બદલાવાથી કશુ જ બદલાતું નથી. ફક્ત કેલેંડર બદલાય અને આપણે ત્યાંના ત્યાંજ ? બદલવાની જરૂર છે સ્વભાવ, સમજણ અને વ્યવહારની નવી પેઢી સાથે સંતુલીત થવાની, સાથે સાથે બીજુ પણ ઘણું નવું કરવાનું છે. સમયની સાથે સમયના પ્રવાહની દિશામાં ચાલવું પડશે નહીંતો પાછળ રહી જશું. એમ પણ કહી શકાય કે પ્રવાહની દિશામાં જો નહીં તરીએ તો ડુબી જઈશું. પણ આ બધું અચાનક નહીં થાય. આ માટે જોઈએ સમજણ શ્રધ્ધા અને સૌથી જરૂરી એવો સંકલ્પ. કંઈ પણ કરવા માટે જો દૃઢ શ્રધ્ધા તથા સંકલ્પ હશે તો કોઈ કાર્ય મુશ્કીલ નથી.

તો આ વર્ષ આપને સૌને સફળતા આપવે એજ આશા, નવા પ્લાનીંગ સાથે નવી શરૂઆત કરો અને સફળતાના શિખરો સર કરો. આપ સર્વને શુભ સંક્રાન્તિ.

Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage LOGO Designing, Broucher & Souvenir Priting
CHANDRAPRABHA GRAPHICS
Paras Ramesh Jagirdar 66680780, 40047999

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

ઈશુના નવા વર્ષની સૌ સભ્યોને વધાઈ તેમજ નવું વર્ષ આપ સૌને દરેક પ્રકારે સફળ અને યશસ્વી નિવડે એજ અભ્યર્થના.

વિશેષમાં જણાવવાનું કે અમારી સમિતિ દ્વારા તા. ૨૬-૧-૨૦૧૭ ના ધ્વજવંદન નો કાર્યક્રમ ''શકિના ફાન્ડેશન'' હયાતનગરે સવારના ૧૦.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આશ્રમમાં હેન્ડીકેપ બાળકોની ૮૫-૯૦ની સંખ્યા છે. તા. ૨૨-૧-૨૦૧૭ ના મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઈ-બહેનોએ આ બાળકો માટે રમત ગમત તેમજ વિવિધ હરીફાઈનું આયોજન કરેલ છે. તા. ૨૬-૧-૨૦૧૭ ના દિવસે ધ્વજવંદનના કાર્યક્રમ બાદ આશ્રમના બાળકો ધ્વારા ડાન્સ ગીતનું કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ હેન્ડીકેપ બાળકોને પ્રોત્સાહીત કરવા તેમને ગીફ્ટ મોમેન્ટો વગેરે આપવામાં આવશે. તા ૨૬-૧-૨૦૧૭ના દિવસે શકિના ફાન્ડેશન, હયાતનગર જવા માટે કાચીગુડા દેરાસર પાસેથી બસની વ્યવસ્થા સવારના ૯.૦૦ કલાકે કરવામાં આવેલ છે. બસ ભાડું વ્યક્તિદીઠ રૂા. ૧૦૦.૦૦ રાખવામાં આવેલ છે. બસ પાસ કચ્છી ભવનના કાર્યાલયમાંથી તા. ૨૨-૧-૨૦૧૭ થી ૨૪-૧-૨૦૧૭ સુધી મેળવી લેવા વિનંતી. કાર્યક્રમને સફળ બનાવવા અમને આપ-સખીદાતા તરફથી હરહમેશ સહકાર મળતો રહે છે. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા સખી દાતાઓને વિનંતી કે આવા માનવ કલ્યાણના કાર્ય માટે આપ દાન આપી અમને સહકાર આપશો, એવી આશા. વધુમાહિતી માટે શ્રી હિતેનભાઈ સંઘોઈ ફોન નં. ૯૮૪૯૧ ૬૪૨૨૧ નો સંપર્ક કરશો.

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| મણિબેન રતનશી ગોગરી | ૧૦૦૦ | ૧ | ૧૦૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ઝવેરબેન નરશી ગોસર | - | - | ૧૧૦૦ | - | - | - |

## સમાજ ગૌરવ



**PRANALI TUSHAR KARANI** (Dumra)

WON

**GOLD MEDAL**

IN KUTCHI OLYMPIA IN 16 TO 18 YEARS FE-MALES SINGLES IN BADMINTON

*Congratulations*

## સમાજ ગૌરવ



**KUSH KAILASH CHHEDA** (Mota Asambia)

WON

**BRONZE MEDAL**

IN KUTCHI OLYMPIA IN TABLE TENNIS MALE-SINGLES 10-12 YEARS

*Congratulations*

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

સહર્ષ જણાવવાનું કે શાંતિવન સમિતિના ઉપક્રમે શનિવાર તા. ૧૪-૧-૨૦૧૭ના શ્રી કચ્છી ભવનમાં સાંજના ૫.૦૦ વાગ્યાથી D.R.R.A. તંબોલોનું કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સાથે અન્ય વિવિધ કાર્યક્રમનું પણ આયોજન હશે. ફક્ત ૫૦ વર્ષના ઉપરના વડિલોને ખાસ વિનંતી છે કે સમયસર પધારી કાર્યક્રમને સફળ બનાવશો.

કાર્યક્રમમાં શક્ય હોયતો મહારાષ્ટ્રીયન પરિધાન પહેરીને તેમજ સાથે-સાથે આપસમાં આપ લે કરવા યોગ્ય પ્રમાણમાં તીલ-ગુડ લેતા આવજો જેથી સંક્રાંતીની ગરીમાં જાળવી એક ઉલ્લાસમય વાતાવરણ ઉભો કરી શકાય તંબોલાની ટિકિટ માટે રૂા. ૨૦/- નકરો રાખવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. દરેક મેમ્બરે મંડળનો ID Card લાવવાનો રહેશે જેમાંથી લકીડીપ કરવામાં આવશે.

## સંસ્થા સમાચાર

❖ **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન - હૈદરાબાદ** : રવિવાર તા. ૧૮-૧૨-૨૦૧૬ ના શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદના કાર્યાલયમાં નવનિર્વાચિંત કારોબારી સમિતિના સભ્યોની એક સભા મળેલ હતી. ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવેલ. **પ્રમુખ** : શ્રી ધનપતભાઈ લાલજી મોતા (વારાપધર), **ઉપપ્રમુખ** : શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા (વરાડિયા), **માનદ્ મંત્રી** : શ્રી હિરેનભાઈ મુળજી મોમાયા (રાજુભાઈ) (સાંયરા), **ઉપ માનદ્ મંત્રી** : શ્રી ધીજલાલ જેતશી ધુલ્લા (દલતુંગી), **ખજાનચી** : શ્રી લહેરચંદભાઈ ટોકરશી લોડાયા (રાપરગઢવારી) **સહ ખજાનચી** : શ્રીમતી કાંતાબેન પ્રફુલ દંડ (ભરાડીયા), **સભાસદો** : શ્રી મોનિકભાઈ વિનોદ ધરમશી (સુથરી), શ્રી વિરેન્દ્રભાઈ શીવજી મોતા (વારાપધર), શ્રી ગુલાબચંદ પદમશી મોતા (કુવાપધર), શ્રી કીર્તીકુમાર નરસી મોમાયા (વારાપધર), શ્રી કાંતીલાલ દામજી મોતા (તેરા).

❖ **સિરિયલ માતાની પહેડી** : સાવલા નુખના સભ્યો સીરીયલ માતાને નમતાઓની પહેડી રવિવાર તા.૨૬-૨-૨૦૧૭ના રાખેલ છે. સર્વે સાવલા નુખના પરિવારને ભાગ લેવાનું છે તેમજ સાવલા નિયાણીઓને સજોડે પધારવા નિમંત્રણ છે.

## જીવન ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| **શુભ લગ્ન** | વીરેન વલ્લભજી સાવલા | બેરાજા | | |
| | હર્ષલા ચંદનમલ બરદીયા | ધુલીઆ | હૈદ્રાબાદ | |
| | કૌષિક માવજી નેણશી ગાલા | ઉણોઠ | | |
| | ઈશિતા ઝવેરચંદ કુંવરજી મૈશેરી | બાંડિયા | | |
| | કુમાર લાલજી રવજી દેઢિયા | ભુજપુર | હૈદ્રાબાદ | |
| | વૈશાલી લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ભોજાય | હૈદ્રાબાદ | |
| **પુત્ર જન્મ** | અ.સૌ. હેનલ ગૌરવ કીર્તી ગાલા | તા.૧૦-૧૨-૨૦૧૬ | લાખાપર | હૈદ્રાબાદ |
| **મૃત્યુ નોંધ** | ખીમજી વેલજી ગડા (કાકુભાઈ), ૮૩ વર્ષ, ભોજાય, હૈદ્રાબાદ | | | |
| | ઝવેરબેન નરશી ગોસર, ૮૨ વર્ષ, મંજલ રેલડિયા, હૈદ્રાબાદ | | | |

# રમત ગમત સમિતિ

સંચાલક : મંથન દેવચંદ ગંગર
E-mail : manthandshah9@gmail.com

Jai Jinendra

***Wish you all a very happy 2017***

2016 was a memorable year for Ramat Gamat in KMM.

Last year we organized two very exciting & successful flagship events under Ramat Gamat Samiti.

First we had (BCC) Box Cricket Championship & then the Annual Indoor Sports Championship (AISC). I thank all the members of KMM for participating & Supporting these events.

Dear friends, I feel proud to share that youngsters from our samaj have won medals in the recently concluded KUTCHI OLYMPIA (a National Sports Event for KVO organised in Mumbai by KVOSS)

Our AISC-2016 Badminton Gold Medalist PRANALI TUSHAR KARANI became national sensation by winning GOLD medal at Kutchi Olympia in (Badminton Female-Singles 16-18 age category) for Village - DUMRA & our AISC 2016 Table Tennis Gold Medalist Little Campion.

KUSH KAILASH CHHEDA won BRONZE Medal at Kutchi Olympia in (Table Tennis-Male-Singles 10-12 age Category) for Village Mota Asambhia Ramat Gamat Samiti Congratulates the Medal Winners & All the players who participated in Kutchi Olympia.

I would also like to share that we have received lots of appreciation & praises for organizing AISC (Annual Indoor Sports championship) & KABBADI.

With overwhelming response from you all & brilliant performances of our youngsters. I am sure we will carry the good work from last year & in 2017 we will scale new heights.




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

## Shanti PRIMARY SCHOOL

સંચાલક: હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

# *Persistance is the key to unlock our potential....*

"All work and no play makes jack a dull boy".

This proverb is a common saying, but it is true in our day-to-day life. Education of today has engrossed the child into books to such an extent that a child hardly gets a little time to play. It is very necessary for the all round dimensional development of a child and so sports has to be given importane and vitality.

Keeping this in mind, school organised Annual Sports Meet on 19-12-2016 in frolicsome atmosphere. It started on with a Marchpast by Nursery to V class students, various drill exercises were displayed with exquisite formations.

**"SOUND BODY RESTS IN A SOUND MIND"**

Yoga plays an important role in the development of mind and body. Students of II to V performed various difficult aashanas thrilling the minds of all the viewers. Benefits of each aashana was also explained.

Sports competitions were held for all classes like running race, sack-race, lemon and spoon race etc., Games for parents were also organised. Parents came forward sportively in large numbers. Prizes were distributed to all the winners.

Marking Mathematics day on 22nd Dec., explanation about Ramanujam, his theories, Aryabhatta's concept of Zero etc was explained. Maths quiz was conducted and prizes were given.

On 23rd Dec., School celebrated Christmas day. All the children danced to the tune of Jingle bells with Santa claus and had great fun. Santa distributed chocolates to the children adding more fun and happiness to all the students.

Soon after the celebrations, children were busy preparing for their exams which was followed by II Term Sankranthi holidays.

***Wish you all a peaceful and prosperous New Year 2017***

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

# શાંતિ પ્રાયમરી સ્કુલ કાર્યક્રમની રંગીન ઝલક



Admissions Open

Season Greetings

Play School

Nursery

SHISHU KUNJ

The Play School

Welcomes you at our new Location

H.No.3 -4-10/2, Lane opp to Shalini Hospital.
Bhommana Lane, Lingampally
Hyderabad - 500 027

For further details call

Vaisshali A. Kapadia
94412 55331

Rupalee Trivedi
97040 67008

(જા.ખ.)

# વિવિધા

## આઝાદ ભારતમાં અ... ધ... ધ... ભ્રષ્ટાચાર

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના ભારતને આઝાદી મળી. પ્રથમ પ્રધાનમંત્રી તરીકે સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આગળ આવ્યું. રાજકીય કાવાદાવા રચાયા. પંડિત જવાહરલાલ નહેરૂ પ્રધાનમંત્રી બન્યા. અગર સરદાર પટેલ પ્રધાનમંત્રી બનત તો આજે ભારતની તસવીર અલગ હોત. પંડિત જવાહરલાલ નહેરૂના સત્તાકાળથી ૨૦૧૪ સુધીના વિવિધ શાસનોમાં અ.. ધ.. ધ.. ભ્રષ્ટાચારો થયા. ભ્રષ્ટાચારનું એવું બીજ રોપાયું જે આજે એક વટવૃક્ષ બની ગયું. રાજકારણી નેતાઓથી માંડીને અમલદારોની ફોજે વન-વે લૂંટ ચલાવી. પ્રજાએ પણ બેઈમાની સ્વીકારીને એ લૂંટ ચલાવવા દીધી. પરોક્ષ રીતે પ્રજા પણ સહભાગી બની. સમ ખાવા પૂરતાં થોડા ઈમાનદાર નેતાઓ રહ્યા જેમને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા.

રાઈટ ટુ ઈન્ફોર્મેશન (RTI) કાયદા હેઠળ ભ્રષ્ટાચારની માહિતિ અલગ-અલગ રીતે પ્રાપ્ત થઈ જેની ઉપર નજર નાખશો તો આંખના ભવાં ઉપર થઈ જશે. આ આંકડા સંપૂર્ણ ભ્રષ્ટાચારનું પ્રતિબિંબ નથી એનાથી ઘણું વધારે ભ્રષ્ટાચાર થયું છે.

| | | |
|---|---|---|
| ૧૯૪૮ | જીપ સ્કેમ | રૂા. ૮૦ લાખ |
| ૧૯૫૬ | ભુ સ્કેમ | રૂા. ૫૦ લાખ |
| ૧૯૫૭ | મુંદડા સ્કેન્ડલ | રૂા. ૧ કરોડ ૨૦ લાખ |
| ૧૯૬૦ | તેજા લોન સ્કેન્ડલ | રૂા. ૨૨ કરોડ |
| ૧૯૭૬ | કુઓ ઓઈલ સ્કેન્ડલ | રૂા. ૨ કરોડ ૨૦ લાખ |
| ૧૯૮૭ | એચ.ડી.ડબ્લુ. સબમરીન ડીલ | રૂા. ૨૦ કરોડ |
| ૧૯૮૭ | બોફર્સ સ્કેન્ડલ | રૂા. ૬૫ કરોડ |
| ૧૯૮૯ | સેન્ટ કિડ્સ ફોર્જરી | રૂા. ૪૫ કરોડ |
| ૧૯૯૦ | એર બસ સ્કેન્ડલ | રૂા. ૨ કરોડ ૫૦ લાખ/હર હપ્તે |
| ૧૯૯૧ | તેલગી સ્કેમ | રૂા. ૪૩,૦૦૦ કરોડ |
| ૧૯૯૨ | સિક્યોરિટિસ સ્કેમ | રૂા. ૪,૦૦૦ કરોડ |
| ૧૯૯૨ | ઈન્ડિઅન બેંક આર.આઈ.પી. ઓફ | રૂા. ૩૦૦ કરોડ |
| ૧૯૯૪ | સુગર ઈમ્પોર્ટ સ્કેમ | રૂા. ૬૫૦ કરોડ |
| ૧૯૯૫ | જે.એમ.એમ. લાંચ | રૂા. ૧ કરોડ ૨૦ લાખ |
| ૧૯૯૫ | ભનશાલી સ્કેમ | રૂા. ૧૨૦૦ કરોડ |
| ૧૯૯૬ | પિકલ કેસ | રૂા. ૧૦ લાખ |
| ૧૯૯૬ | ફોડર સ્કેમ | રૂા. ૯૫૦ કરોડ |
| ૧૯૯૬ | યુરિયા ડીલ | રૂા. ૧૩૩ કરોડ |
| ૧૯૯૬ | હવાલા સ્કેન્ડલ | રૂા. ૮૧૦ કરોડ |
| ૨૦૦૧ | મ્યુચ્યુઅલ ફંડ સ્કેમ | રૂા. ૧ લાખ ૫૦ હજાર કરોડ |
| ૨૦૦૨ | હોમ ટ્રેડ સ્કેમ | રૂા. ૬૦૦ કરોડ |
| ૨૦૦૬ | આઈ.પી.ઓ. સ્કેમ | રૂા. ૬૧ કરોડ |
| ૨૦૦૮ | અલી ખાન ટેક્ષ ડિફોલ્ટ | રૂા. ૫૦,૦૦૦ કરોડ |

# માનવ કલ્યાણ સેવા સમિતિ

## ચેરિટેબલ ક્લીનીક

અરિહંત સુલભ એપાર્ટમેન્ટ, બેંક ઓફ ઈન્ડિયા પાછળ, જૈન મંદિર પાસે,
કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ – ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦–૨૭૫૫ ૭૭૧૧

માનવ કલ્યાણ સેવા સમિતિ સંચાલિત ચેરીટેબલ ક્લીનીક–કાચીગુડામાં નીચે મૂજબ ડોક્ટરી સેવાઓ ઉપલબ્ધ છે. લાભ લેવા વિનંતિ.

### એલોપેથી ક્લીનીક

**ડૉ. કે. દેવરાજ**

MBBS, MIPHA, MICAI, DTCD (OSM)

Pulmonologist & General Physician - Specialist in T.B., Asthama & Allergy

દરરોજ : સાંજે ૪ થી ૬, રવિવાર બંધ • કન્સલ્ટેશન ફી રૂા. ૧૦ (બે દિવસની દવા સાથે)

### હોમિઓપથી ક્લીનીક

**ડૉ. સી. રોશના**

BHMS (Pune), DNHE

Consultant Homoepath

દરરોજ : સવારના ૧૧ થી ૧, રવિવાર બંધ • કન્સલ્ટેશન ફી રૂા. ૧૦ (બે દિવસની દવા સાથે)

### કાર્ડીઓલોજી ક્લીનીક

**ડૉ. પંકજ જરીવાલા**

M.D., DNB, DNB (Cardiology), MNAMS, FICPS

Consultant International Cardiologist Trans Radial Inerventionist - Heart Failure Specialist

દર શુક્રવારે : રાત્રે ૮ થી ૯ (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

કન્સલ્ટેશન ફી રૂા. ૧૦૦ પ્રતિ વિઝીટ (નોન રિફન્ડબલ)

### ગાયનેકોલોજી ક્લીનીક

**ડૉ. અનિશા ગાલા**

DGO, DNB (Reg no. 50494)

Fellowship in Maternal Medicine, Consultant Obstetrician, Gynecologist

દર મહિનાના બીજા અને ચોથા ગુરૂવારે : બપોરના ૩ થી ૪

(અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી) કન્સલ્ટેશન ફી રૂા. ૫૦ પ્રતિ વિઝીટ (નોન રિફન્ડબલ)

(જા.ખ.)

| | | |
|---|---|---|
| ૨૦૦૯ | સત્યમ સ્કેમ | રૂા. ૨૪,૦૦૦ કરોડ |
| ૨૦૦૯ | મધુ કોડા સ્કેમ | રૂા. ૪,૦૦૦ કરોડ |
| ૨૦૦૯ | ૨-જી સ્પેકટ્રમ સ્કેન | રૂા. ૧,૭૬,૦૦૦ કરોડ |
| ૨૦૦૯ | ચોખા એક્સપોર્ટ સ્કેમ | રૂા. ૨૫૦૦ કરોડ |
| ૨૦૦૯ | ઓરિસ્સા માઈન સ્કેમ | રૂા. ૭૦૦૦ કરોડ |
| ૨૦૧૦ | કોમન વેલ્થ ગેમ્સ સ્કેમ | રૂા. ૪૦,૦૦૦ કરોડ |
| ૨૦૧૧ | આંધ્ર પ્રદેશ લેન્ડ સ્કેમ | રૂા. ૨૦૦ કરોડ |
| ૨૦૧૨ | કર્ણાટક લેન્ડ સ્કેમ | રૂા. ૨૦,૦૦૦ કરોડ |
| ૨૦૧૨ | ઈન્ડિઅન કોલ માઈનિંગ સ્કેમ | રૂા. ૧,૮૫,૫૯૧ કરોડ |
| ૨૦૧૩ | આયર્ન ઓર ફ્રેઈટ સ્કેમ | રૂા. ૨૯,૨૩૬ કરોડ |
| ૨૦૧૪ | દિલ્હી જલ બોર્ડ સ્કેમ | રૂા. ૧૦,૦૦૦ કરોડ |
| ૨૦૧૪ | ઓરિસ્સા ઈન્ડસ્ટ્રીયલ લેન્ડ મોર્ટગેજ સ્કેમ | રૂા. ૫૨,૦૦૦ કરોડ |
| ૨૦૧૫ | એન.ટી.સી. લેન્ડ સ્કેમ | રૂા. ૭૦૯ કરોડ |

આ આંકડાઓ સિવાય પણ વિવિધ ક્ષેત્રોમાં ખૂબજ મોટા પાયે ભ્રષ્ટાચાર થયું છે.

શસ્ત્રોની ખરીદીમાં, યુદ્ધ જહાજ, પનડૂબી, ફાઈટર પ્લેનો, હેલીકોપ્ટર, સૈનિકો માટેના ડ્રેસ થી બૂટમાં ભ્રષ્ટાચારો, હર્ષદ મહેતા-કેતન પારેખના સમયના શેર ઘોટાળા, મ્યુચ્યુઅલ ફંડના સ્કેમ, શારદા ચીટ ફંડ જેવા અનેક મોટા સ્કેમ, અંતુલે સિમેન્ટ કૌભાંડ, બેંક ઘોટાળા, કો-ઓપરેટીવ સોસાયટી સ્કેમ્સ, ઈમ્પોર્ટ-એક્સપોર્ટમાં થતા કટકી કૌભાંડ, ટેક્ષ-ઈમ્પોર્ટ કસ્ટમ ડ્યુટીઓની ચોરીઓ, હવાલા કૌભાંડો, જાહેર બાંધકામોના સ્કેન્ડલ, સિંચાઈ યોજનાઓમાં મસ-મોટા કૌભાંડો, જાહેર બાંધકામોના સ્કેન્ડલ, એર ઈન્ડિયા અને રેલ્વેના ભ્રષ્ટાચારો, સરકારી નોકરીઓમાં ભરતીના ભ્રષ્ટાચાર, ન્યાય તંત્રમાં મોટા પાયે ભ્રષ્ટાચાર, ટોલ નાકા કૌભાંડો, જેલ કૌભાંડો, સરકારી સબસિડીઓમાં વિશાળ પાયે ભ્રષ્ટાચાર, બોગસ રેશન કાર્ડો, બોગસ ગેસ ધારકો, ઉપરાંત રાજ્ય સ્તરે થતાં અસંખ્ય ભ્રષ્ટાચારો, પોલીસ, મ્યુનિસીપલ કોર્પોરેશનો... ગણવા બેસીએ તો અંત નહિં આવે.

ગ્રામ સરપંચ થી કોર્પોરેટર, વિધાન સભ્યો, સંસદ સભ્યો, મંત્રીઓ, સરકારી નોકરોમાં પ્યુનથી સચીવ સુધી થતાં ભ્રષ્ટાચારનાં આંકડાઓ જોઈએ તો મગજ ચકરાવે ચડી જાય.

આઝાદ ભારતમાં હમણાં સુધી વથયેલ અંદાજિત ઉચાપતો... રૂા. ૩૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦/-

રૂપિયા ત્રીસ લાખ કરોડ... કદાચ હજી ઘણો મોટો આંકડો હોઈ શકે. સામાન્ય પ્રજા માટે આ મીંડાઓ ગણવા મુશ્કેલ છે.

- અગર આ રકમ સરકારી તિજોરીમાં રહી હોત તો ભારત આજે સુપર પાવર હોત.
- દેશમાં ગરીબી અને બેરોજગારીનું નામોનિશાન ન રહે.
- આવનારા કેટલાય વર્ષો સુધી કોઈપણ જાતનો ટેક્ષ ચૂકવવાની જરૂરત નહિં.
- પેટ્રોલ-ડિઝલ હમણાં વેંચાતા પાણીની બોટલના ભાવે મળી શકે.
- ૧૦,૦૦૦ નવી યુનિવર્સિટીઓ ખોલી શકાત.
- દરેક જિલ્લા-તાલુકાઓમાં મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પીટલમાં ફ્રી સારવાર પ્રાપ્ત થઈ શકે.
- ભારતના દરેક પરિવારનું પોતાનું ઘર હોત અને ફ્રી વિજળી પ્રાપ્ત થાત.

મેરા ભારત મહાન !

**દિનેશ ગોસર**



## पशु बचाओ - देश बचाओ

**पतंग उड़ाएं तब, जब सूरज चढ़े,**
**पक्षियों की सुरक्षा का ध्यान रखें।**

सूर्योदय व सूर्यास्त के आसपास का समय
आकाश में पक्षियों के विचरण का है अतः यथासंभव
अपरान्ह व दोपहर के समय ही पतंग उड़ाएं जिससे
पतंग की डोर-मांझे से पक्षी घायल न हों।

**Save Animal - Save Nation**

## पक्षियों की जान बचाएं - जिम्मेदार नागरिक कहलाएं

**We request people to fly kites in open grounds, avoid glass-coated strings & report birds found hanging from trees to the helpline number 9441808530, 9966629858**

Issued in public interest by:

**Shri Jiva Raksha Gyana Pracharak Mandali**

**श्री जीवरक्षा ज्ञान प्रचारक मण्डली**

जीवरक्षा कम्पाउंड, दिलशाद प्लाजा के सामने, सुलतान बाजार, हैदराबाद

(જા.ખ.)

---

*Rakesh Nagda*

**Mob. : 93466 87608, 92909 52406**
**WHATSAPP : 8897815532**

# BHAKTI ESTATES

**REAL ESTATE CONSULTANT**

Buying, Selling, Rental Accomodation
Commercial, Residential, Flats Offices,
Plots, Agriculture & Industrial Land

*Manish Nagda*

**Mob. : 96180 13690, 90328 82816**

Satkar Caterers
Taste U'll Love to Eat

***Specialist in***

- **JAIN FOOD**
- **INDIAN CHAT**
- **BAKERY ITEMS**

**Office cum Kitchen :**
**No.4-6-90/19/B/1/D,Near Imory Hospital Road, Tejaswi Nagar,**
**Attapur, Hyderabad - 500 048.**

(જા.ખ.)

# પ્રજાસત્તાક પર્વ

જાન્યુઆરી માસ એટલે પ્રજાસત્તાક પર્વનો માસ. તા. ૨૬-૧-૧૯૫૦ દિવસથી સ્વતંત્ર ભારતના બંધારણનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે આપણો હક્ક છે તથા ફરજ પણ છે કે ભારતનાં બંધારણ અંગે જાણવું, સમજવું અને સામાન્ય નાગરિક તરીકે આપણી ફરજ છે કે બંધારણ પ્રમાણે વર્તવું. જો કે સામાન્ય પ્રજાજન માટે એ અઘરું પણ છે.

ભારતના બંધારણમા ઘણાં બધા છીંડા છે અથવા અમલદારો તેનું ખોટું અર્થઘટન કરી પ્રજાને લૂંટવામાં વ્યસ્ત છે. સંપૂર્ણ ભારતમાં તમામ સ્તરે લાંચ-રૂશ્વતની બદી બેફામ વધી ગઈ છે. અમલદારો કોઈપણ જાતની શરમ રાખ્યા વગર લાંચ-રૂશ્વત લઈ રહ્યા છે, ખુલ્લે આમ કોઈપણ જાતના ડર વગર દરેક ક્ષેત્રોમાં સરકારી તિજોરીને બદલે અંગત તિજોરીઓ ભરાઈ રહી છે. હવે તો લાગે છે કે સરકારી કામોમો જ નહીં પણ આપણાં આંતરિક વ્યવહારોમાં પણ આ બદી પેસી ગઈ છે. લોકોને સહેલાઈથી પૈસાદાર થઈ જવું છે. આપણાં બંધારણમાં આ બદીઓ તથા અન્ય ગુનાખોરી માટે કોઈ એવી કડક જોગવાઈ નથી કે જેથી ભયભીત થઈ લોકો ભ્રષ્ટાચાર ના કરે. દરેક સ્તરે નૈતિકતાનું અધઃપતન થતું જાય છે અને આ બધા માટે ફક્ત અમલદારો જ નહીં, આપણે સૌ પણ એટલાજ જવાબદાર છીએ. લોકો પોતાના કામો ત્વરિત કરાવવા માટે સહેલો રસ્તો અપનાવે છે. ડગલે ને પગલે આપણે પોતેજ એક અથવા બીજી રીતે જાણતાં કે અજાણતાં ભ્રષ્ટાચારને પોષી રહ્યા છીએ. આવી રીતેતો ભ્રષ્ટાચાર ઘટવાને બદલે વધતો જ જાય છે.

૨૬મી જાન્યુઆરીએ આવનારા પ્રજાસત્તાક દિવસે આપણે બીજું કંઈ ન કરીએ પણ એટલી પ્રતિજ્ઞા તો લઈજ શકીએકે આપણે આપણાં કામો કરાવવા માટે ક્યારેય પણ લાંચ-રૂશ્વતનો સહારો લઈશું નહીં. દેશના પ્રધાનમંત્રીશ્રીએ સ્વચ્છ ભારતનો નારો આપેલ છે પણ અત્યારે બહારની સફાઈની સાથે આપણી આંતરિક સફાઈ, વિચારોમાં સફાઈ કરવી અત્યંત આવશ્યક છે. આંતરિક સફાઈ થઈ જશે તો લોકોના વિચારો સારા થશે. દેશ પ્રત્યેનો ભાવ જાગી જશે તો દેશમાંથી ચોક્કસ ભ્રષ્ટાચાર ઓછો થઈ જશે અને ખરા અર્થમાં સ્વચ્છ ભારત બની જશે.

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી તથી પ્રધાનમંત્રીશ્રી 'મન ની ગંદકી' દૂર કરવા પર વિશેષ ભાર વખતો વખત મૂકી રહ્યા છે જે સૂચક છે! પ્રધાન મંત્રીશ્રીએ ગંદકી દૂર કરવા મજબૂત મનોબળ સાથે વિવિધ અભિયાનો છેડી રહ્યા છે જેનાથી આપણે સૌ વિદિતજ છીએ.

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના પ્રજાસતાક દિવસેજ સમગ્ર ગુજરાતમાં ગોઝારો ભૂકંપ આવેલ જેને આજે ૧૬ વર્ષ પૂરા થશે. વિસર્જનમાંથી નવસર્જન થાય છે. ભૂકંપથી આપણાં કચ્છને ખૂબજ નુકસાન થયું. લગભગ ૨૦ હજારની જાનહાની થઈ જે ખોટ કદી પૂરાઈ શકે નહિં. કરોડોના માલ-મિલ્કતની ખાના ખરાબી થઈ. વિશાળ ભારતમાં સાવ પશ્ચિમ ખૂણે પડેલો કચ્છ પ્રદેશ તો સદીઓથી એની સાહસિકતા અને અપ્રતિમ આત્મબળ માટે જાણીતો છે એને ભલભલા ભૂકંપ નથી ડગાવી શક્યા કે તોફાની વાવાજોડા નથી નમાવી શક્યા. કચ્છમાં રાખમાંથી બેઠા થવાની ચમત્કારિક શક્તિ છે, કચ્છ બહાર વસતા કચ્છીઓ ભૂકંપ બાદ એક મિનિટ પણ વેડફ્યા વગર આગળ આવી ગયા. કચ્છનું જે નવસર્જન થયું તે આપણી નજર સમક્ષ જ છે. કચ્છ દેશ વિદેશમાં ઘણી બધી બાબતો માટે પ્રખ્યાત છે. ભૂકંપ પછી કચ્છ સોળે કલાએ ખીલીને વિકસી રહ્યો છે.

આવનારા પ્રજાસત્તાક દિનથી આપણે સૌ કચ્છીઓ દેશની ગંદકી દૂર કરવા કટિબધ્ધ બનીએ. આપણી ફરજ છે કે સ્વચ્છ સમાજ અને ભ્રષ્ટાચાર મૂક્ત ભારતની ચાલી રહેલી પ્રક્રિયામાં સામેલ થઈ આપણું યોગદાન આપીએ. કચ્છીઅતનો પરંપરાગત ઓજસ અને તેજસનો વારસો જાળવી રાખવા સંકલ્પબધ્ધ થઈએ. જયહિંદ..... જય કચ્છ.....

**દિનેશ ગોસર**

**FOR RENT**

Commercial Office 495 Sft. 1st Floor,
SAMA SQUARE BUILDING, Hanuman Tekdi,
Hyderabad. **Ph : 99897 80874**

(જા.ખ.)

**Pick up & Drop**

**CHERIAN NATIONAL**

**Motor Driving School** **(ESTD. 1962)**

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

"We have Mentors with Mind of A Teacher & Heart of A Parent"

Proudly announces the commencement of LKG

HUNNY BUNNY Play School

Admissions Open

• Contact •

Surbhi Vora
9491123843

Mamta Vora
9391233045

Nipa Vora
9533904870

Learning n Beyond

Playgroup & Nursery

3-4-512/28,1st Floor,
Barkatpura Colony Garden,
Barkatpura, Hyderabad - 27,
Phone 64642425,

Email: hunnybunnyhyd@gmail.com

(જા.ખ.)

# नये वर्ष में ले नया संकल्प और करें समय का सदुपयोग

समय एक प्रवाह है, अखंड प्रवाह। वह खंडित नहीं होता, उसे कोई खंडित कर भी नहीं सकता। जल का प्रवाह तो द्रश्य भी है और उसे गहराई में उतारकर रोका भी जा सकता है।

तीर्थंकर महावीर कहते है - ''समय को जानो'' अर्थात समय का उपयोग करो। जो समय स्वरूप को जान लेता है वही वास्तव में ज्ञानी है।

घड़ी की सूई के साथ टिक-टिक करता वक्त, हर वक्त खिसकता चला जाता है और पुनः लौटकर नहीं आता। जो समय गुजर गया वह गुजर गया उस पर हमारा कोई वश नहीं होता। इसी लिए भगवान महावीर, अपने शिष्य गौतम स्वामी जैसे महासमर्थ पुरूष को प्रत्येक क्षण सदुपयोग करने की आज्ञा करते थे, तो हमें क्या प्रत्येक क्षण जागृत नहीं रहेना चाहिए ?

2016 का वर्ष बीत गया, अब हम उसे सिर्फ 'विदा' कह सकते है और स्वागत करना है आनेवाले 2017 के नववर्ष का। जागकर, समयज्ञ बन कर, नये उत्साह, नई उमंग, नयी रोशनी और नयी प्रेरणा के साथ नये वर्ष का सुस्वागत करना है।

नये वर्ष की मंगलबेला में नयी योजनाओं को, नये कार्यो को शुरू करना है। शुभ संकल्प के साथ हरेक कार्य समजदारी से, धीरज से, एकाग्रता और पूरी शक्ति से करेंगे तो सफलता अवश्य मिलेगी।

समय के सदुपयोग के साथ याद रखनेवाली अमूल्य बाते : मेरा परिवार मेरा पूरक है (दुश्मन नहीं) मै सब के ऊपर निर्भर हुँ। संकल्प करें - मेरे जीवन में जो व्यक्ति (जीव) आए, सब के साथे मैं मैत्री करूंगा, जो भी परिस्थिती आए, मै उसको सहज स्वरूप से स्विकारूँगा।

यह जगत मल्टीपल करके देनेवाला है, मैं सुख दुँगा तो मुझे सुख ही मिलेगा। मैं इस दुनिया का एक अंश हुं। इस लिए मेरे पर कुदरत के सारे नियम लगते है, यह मुझे हंमेशा याद रखना है।

1) धनवान बनना है तो कोई भी जीवको निरोगी देह मन से, वचन से, काया से दुःख नहीं देना है।
2) मौन से वाणी की शक्ति बढ़ती है, और ज्ञान से मनोबल बढ़ता है।
3) जब से खुद की भूलों को देखने की शुरूआत हुई, तभी से परमात्मा होने की शुरूआत हो गई।
4) पोझिटीव (+ve) सोचना शुरू कर दो, नेगेटीव (-ve) तो अपने आप चला जायेगा। प्रकाश आते ही अंधेरा अपने आप चला जाता है।
5) जो प्राप्त है उसका आनंद ले और जो अप्राप्त है उसकी चिंता न करें।
6) प्रेम स्वरूप हो जायें तो यह जगत हमारा ही है !!! 2017 का नया वर्ष हम सब के लिए मंगलकारी हो ऐसी प्रभु को प्रार्थना - ॐ शांतिः शांतिः शांतिः।

संकलन : **हीरावंती कमल देढिया**

**|| Jai Mahaveer ||**

## *Wish you all a Happy & Prosperous New Year*

*For all your water proofing needs such as seepage of water in toilets, bathrooms, window panes, terrace and side walls etc. please contact us.*

*With the help of our Nano Technology Products and expertise workers, we will help you in over coming your troubles with in short time.*

*We also do the painting and colouring assignments, with the pleasing colours of your choice to give a pleasant and new look to your flats, establishments and buildings. Try once and be satisfied. Please call on us.*

*Contact*

***Vardhaman D. Shah***

*C/o.* ***Naman Construction Solutions***

***Phone : 9885341835***

*Always remember : A stitch in time saves nine.*

**|| જય શાંતિનાથ ||**

**હોમ સ્વીટ હોમ... ઓફિસ એટલે કુબેરના ભંડાર...**

**પણ આ બન્ને સ્થળે, પાણી લીકેજ થતું હોય અને તેની દિવાલો બદરંગ હોય કલરની પોપડીઓ નીકળીને તેનું સ્વરૂપ બદલી નાખતી હોય તો ?...**

**આ બન્ને સ્થાનને નવું સ્વરૂપ આપી તેને ફરી ખુબસુરત બનાવવા માટે અને આપણા જીવનને ખુશહાલ બનાવવા માટે અમારો સંપર્ક કરો.**

**દિવાલ, ઘર, ઓફિસ, ગોડાઉન, ટેરેસ, બાલ્કની વગેરેને લીકેજ પ્રૂફ કરી તમારા મનગમતા કલર કરી તેને સ્વરૂપવાન બનાવવા માટે અમારો સહકાર મેળવો.**

**સંપર્ક : વર્ધમાન દેવજી શાહ**

C/o. **Naman Construction Solutions**

**Phone : 9885341835**

(જા.ખ.)

# માતૃ-પિતૃ વંદના

આપણા ભારતવર્ષ મા 'માતૃ-પિતૃ વંદના' આ શબ્દ થી આપણે સુપેરે પરિચિત છીએ. ગર્ભાવસ્થામાં પોતાની માતા ને પોતાના હલન-ચલણ થી કષ્ટ ન થાય એ માટે કરૂણા સાગર ભગવાન શ્રી મહાવીરે માતાના પેટમાં પોતાનું હલન-ચલન બંધ કરી દીધુ હતું. શ્રી રામે પોતાની અપરમાં કૈકેયીને આપેલ શ્રી દશરથ ના વચન પાળવા માટે રાજપાટ છોડી વનમાં પ્રસ્થાન કર્યું હતું. શ્રવણે પોતાના અશક્ત માતા-પિતા ને કાવડમાં બેસાડી યાત્રા કરાવી હતી તો મત્સકન્યા સત્યવતીનો પુત્ર રાજગાદી પામે એ માટે ભીષ્મે (દેવવ્રત) આજીવન લગ્ન ન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી હતી . આવા તો કેટ કેટલાય ઉદાહરણો થી આપણા દેશનો ઈતિહાસ સમૃદ્ધ છે.

ભગવાનને જ્યારે ધરતી પર આવવાનુ મન થયું ત્યારે પ્રેમને સાકાર કરવા માતાનું સર્જન કર્યુ અને આ સંસાર વાત્સલ્ય મમતા, દયા અને કરૂણાથી મહેકી ઉઠયું. શિશુના પહેલા શ્વાસથી માતા પિતાની દુનિયા બદલાઈ જાય છે. એમનું વિશ્વ જ એ બાળકની આસપાસ ગુંથાય છે. બાળકની નાની નાની ક્રિયા એમને સુખ આપે છે. બાળકની નાનામાં નાની તકલીફ માટે એ આખી રાતના ઉજાગરા કરે છે. એ બાળકના હાસ્યમાં પોતાનું વૈભવ જુવે છે. પોતાના સુખોનો ક્યારે પણ વિચાર ન કરતા પોતાના બાળકો ની ઈચ્છાઓને જ સર્વોપરી માને છે. મોટા થયા પછી ક્યારે પણ આપણે ભૂતકાળ માં જઈએ છીએ કે આપણને આટલા જતનથી ઉછેરનાર માતા-પિતાનુ આપણે પણ આવુ જતન કરીએ છીએ ?

આપણને વિદેશની હવાએ વિચલીત કરી દીધા છે. તમે તમારા સુખ અને સ્વાર્થ માટે અમારૂ સર્જન કર્યું છે. આવા વિચાર વાળી નવી પેઢી એ ભૂલી જાય છે કે આપણા સર્જન માટે આપણે ક્યારે પણ માતા-પિતા નું ૠણ ચૂકવી ન શકીએ. એમનું આપણને આ સંસારમાં લાવવાનો 'ઉપકાર' કદી પણ ભૂલાય નહીં એવું છે પણ આજે આપણે આ ભૂલી બેઠા છીએ. માતા-પિતાના વાત્સલ્યની અવગણના કરી વાત વાત માં એમને ઉતારી પાડવું એ ઘર ઘરની વાત થઈ ગઈ છે.

વિદેશમાં જેમ છોકરા કમાતા થાય એટલે સ્વતંત્ર થઈ ને પોતાનું સંસાર વસાવી લે. માતા-પિતા એકલા જ રહેતા હોય છે. એવું જ આપણે ત્યાં પણ હવે થવા લાગ્યુ છે. સંયુક્ત કુટુંબ તો જવલ્લે જ દેખાય છે. પણ સાથે માતા-પિતા રહેતા હોય તો એમનો પણ ભાર લાગે છે (પછી ભલે ને માતા એ નવ મહિના પેટ મા હૅસતા ભાર વેઠ્યો હોય. પ્રેક્ટીકલ બનવાની લાયમાં લાગણી સાથે સંબંધ વિખરાતો જાય છે એ એક વાસ્તવિક કઠોર હકીકત છે.

આજે વૃદ્ધાશ્રમનું પ્રમાણ આપણા દેશમાં ઘણુજ વધી ગયુ છે. ઠેકઠેકાણે વૃદ્ધાશ્રમના પાટિયા દેખાય છે. એમાય હમણા જગ્યા નથી કે રીઝર્વેશન કરાવી જાઓ એવું લખાણ લખેલુ હોય છે. જરા ઉંડાણ થી વિચારી જુવો શું આ જ આપણી સંસ્કૃતી છે કે વિદેશનો વાયરો છે કે પછી મા-બાપ ઘરનો જુનો ફર્નીચર છે કે જેની હવે આપણને જરૂર નથી, સ્ટોર રૂમમાં નાંખો એટલે ઘરના ખુણે ચૂપચાપ પડ્યા રહો અથવા ઘરની બહાર કાઢો. અને બહાર એટલે વૃદ્ધાશ્રમ કે વતનમાં એકલા અટુલા મૂકી આવો. કચ્છના અમુક ગામોમા તો ૮-૧૦ ઘર જ ખુલ્લા હોય એમાં ડોસા ડોસી એકલા રહેતા હોય. એટલો સુનકારો હોય કે ટાંચણી પડે તો એનો અવાજ પણ સંભળાય. આવા વાતાવરણમાં રાત તો ઠીક પણ દિવસનો ૧.૦૦ કલાક સમય કાઢવો પણ મુશ્કેલ થઈ જાય છે તો એમનો સમય કેમ પસાર થતો હશે? આ નજરે જોયુ છે એટલે યાદ આવતા આંખો ભીની થઈ જાય છે.

દિકરાના જન્મ ઉપર માતા-પિતા આનંદિત થઈ પેંડા વહેંચે છે ત્યારે એમના મનમાં કલ્પના પણ ન હોય કે મોટા થઈ આ દિકરાઓ જ એમણે એક મેક થી જુદા કરશે. મા એક દિકરાના ઘરે તો પિતા બીજા

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડું (પાંચ ધાન્યના)
ફીણીયા લાડું
નાચણી (રાગી) ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડું (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રુટ લાડું (ઘઉંના)
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શીયાળુ પાક)
કોકોનેટ બીસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદર ના ખારી સીંગ
સિકંદર ના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

સ્પેશીયલ અડદિયા પાક તૈયાર મળશે

<u>*Contact*</u>

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardam,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939
PRAVIN CHHEDA - 89857 59320
PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)

ઘરની બનાવેલ તલની ચિક્કી, સિંગદાણાની ચિક્કી, ફરસી પુરી,
ચકરી, સેવ ઈત્યાદી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.
નીતા વિરા, બડીચાવડી, હૈદરાબાદ. મો. ૮૧૦૬૫૭૬૮૮૦

દિકરાના ઘરે. ના આ બાગવાન પિક્ચરની વાત નથી પણ સમાજમાં ખરેખર આવું બને છે. ૩૦-૩૦ દિવસ એટલે ૧ મહિના નો વારો હોય તો જે મહિના મા ૩૧ દિવસ હોય છે એ ૩૧ મા દિવસે કદાચ એમને ઉપવાસ પણ કરવું પડતું હશે. આ કળજુગમાં કાંઈ અશક્ય નથી.

આખી જીંદગી સંતાનો પાછળ વ્યતીત કરનાર સંતાનોના સુખે સુખી અને સંતાનોના દુખે દુખી એવા મા-બાપને આવી પરિસ્થિતીનો સામનો કરવાનો આવે તો એમને કેવો કારમો આઘાત લાગતો હશે એનુ વિચાર ક્યારે પણ સંતાનોને આવતો નહીં હોય ? અરે સ્મશાનમાં માતા-પિતાના અગ્નિસંસ્કાર પછી લાકડા અને અન્ય ખર્ચનો પણ તરત હિસાબ થતુ જોયુ છે. થોડી પણ લાજ શરમ વગર પચાસ સો રૂપિયાનો પણ હિસાબ કરી લે છે. માતા-પિતામાંથી કોઈ માંદુ પડે, હોસ્પીટલમાં રાખવા પડે, માંદગી લાંબી ચાલે એવી હોય તો (ઘરમાં પણ ઈલાજ થઈ શકતુ હોય) પણ સંતાનો એમને ઘરે લાવવાની ઈચ્છા રાખતા નથી. ભલે ને મા-બાપ ઈચ્છતા હોય કે અમારા પ્રાણ ઘરમાં નીકળે. બધાનો એક જ જવાબ સંભળાય છે કે ઘરે પછી એમની સેવા કોણ કરશે? અહિંયા તો પૈસા જ આપવાના છે ને ડૉક્ટર અને નર્સોતો છે જ....

સાચી વાત છે પૈસા આપતા સેવા તો મળી જશે પણ માતા પિતા ને જે હુંફ અને લાગણી જોઈએ છે એ મળશે ખરી ? આપણને જે વાત્સલ્યથી એમણે ઉછેર્યા છે એનું અણીમાત્ર પણ પ્રેમ એમને આપશુ તો એ પોતાને ધન્ય માનશે. આપણે કેમ ભૂલી જઈએ છીએ કે જેવું આપણે વડીલો સાથે વ્યવહાર રાખશું એવું જ આપણા બાળકો આપણી સાથે કરવાના છે. ઘડપણમાં માતા-પિતાને ધનનો વૈભવ નથી જોઈતો. બસ એમના બાળકો એમની સાથે થોડી વાર બેસે, વાતો કરે એમની સાથે વિચારોની વેચણી કરે. એમની પાસે અનુભવોનો ખજાનો હોય છે. સમય સાથે એમાં થોડુ પરિવર્તન આવી શકે પણ અનુભવો નો લાભ તો મળવાનો જ હોય. પોતરા પોતરી પણ દાદા દાદીને થોડો સમય આપે, આવી નાની અમથી વાતમાં એમને સ્વર્ગનો આનંદ મળે છે.

કહે છે ને ઘડપણ અને બાળપણ બન્નેમાં માણસની અવસ્થા એક જેવી જ હોય છે. એક વર્ષનો બાળક જેમ પ્રેમ ને સમજે છે હુંફ ને માણે છે તેમ ૬૦ વરસના મા-બાપને પણ પ્રેમ અને હુંફ જોઈએ છે. બે મીઠા બોલ જોઈએ છે. આપણા વ્યસ્ત જીવનમાંથી એમને થોડા કલાકો નહીં પણ થોડીક પળો જોઈએ છે. માતા-પિતાના સ્વર્ગવાસ પછી લાખોના દાન અને નામોની તક્તિ લગાડવાનું કાંઈ અર્થ નથી. એમના જીવતેજીવ એમને બાળકની જેમ સાચવી લઈએ તો પણ ઘણુ છે. ઘરનું નામ માતૃછાયા કે પિતૃછાયા નહી રાખીયે તો ચાલશે પણ જેને જીવનના તડકામા પોતે તપી આપણને છાંયડામાં રાખ્યા હતાં એવા માતા-પિતાની ખરા દિલથી સેવા કરી એમને વ્હાલના છાયડામાં રાખશું તો આપણુ જીવન ધન્ય થયું ગણાશે અને એજ સાચી માતૃ-પિતૃ વંદના કહેવાશે.

ખરી રીતે જોઈએ તો માતા-પિતા ની સેવામાં આપણું ભાવિ સુખ રહેલું છે. આપણા સંતાનો જ્યારે આપણને પોતાના દાદા દાદીની સેવા, વિનયી વર્તન, હઁસતા રમતા જોશે તો એમના ખાસ માનસ ઉપર આ બધું કોતરાઈ જશે. એમનામાં પણ એવા જ સંસ્કાર આવશે. વડીલો સાથે કેમ રહેવું. વાણી, વ્યવહાર કેવું રહેવું જોઈએ એ એમણે ગળથૂથી જ મળી જશે. અલગથી કાંઈ શિખાડવાનું નહીં રહે. ભવિષ્યમાં આપણી સાથે પણ એમનો વ્યવહાર સુખદ જ રહેવાનો. તો હવે બોલો છે ને વડીલોની વંદનામાં આપણુ પણ ભાવિ સુખ... માતા પિતાની આંતરડી ઠરશે અને આંખલડી હસશે તો એમના આશીર્વાદથી આપણી જીવન નૈયા પણ સંસાર સાગરને સુગમતાથી પાર કરશે.

તો ચાલો એક નવી કેડી કંડારીએ માતા-પિતા ના વર્તમાન માટે અને આપણા ભવિષ્ય માટે તૈયાર છો ને?

**ચંદન હરીશ હરીયા**

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)



**હાથે બનાવેલ તાજા થેપલા – ખાટા ઢોકળા – ખમણ ઢોકળા – ખાંડવી – સેન્ડવીચ ઢોકળા તથા ચોકલેટ તથા ચોકલેટ રોલ ઓર્ડરથી બનાવીને આપશું. આસામની ચા પત્તી–ચાનો મસાલો–હીંગ–બટેટાની ચીપ્સ–બટેટાના મુરકુલ–બટેટાની સલી તથા ચોખાના ખીચીયા–ઓડર પ્રમાણે નાસ્તા બનાવી આપવામાં આવશે.**

સ્ટીલના વાસણ ઘર ઉપયોગી બજાર કરતાં વ્યાજબી અને ઓછા ભાવે મળશે

એક વખત પધારી ખાત્રી કરશો

**લીના એમ. શાહ – ૯૮૪૮૩૭૩૮૦૧, ૯૮૪૮૭૩૩૮૨૦**

(જા.ખ.)


# DONATE EYES - LIVE TWICE


**You are beautiful....we just compliment it!**

abha
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by Bhavini Patel

Now at New & Spacious Space

- Bridal Mehendi
- Body Spa
- Ultrasonic Treatment
- Bridal HD Make-up
- Hair Spa & Treatment
- Foot & Hand Spa
- Bridal Packages
- Stone Theorpy

Designer Mehendi & Grooming Classes

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

# Meditation to Experience my Inner Beauty

I sit in a relaxed position, I am comfortable...

I let my body relax, keeping my back straight, my legs supported comfortably on the floor, I breathe deeply Experience the following thoughts one after the other :

Now I begin to carefully observe my mind...

What kinds of thoughts arise in my mind ? Are they positive, negative? How are they moving ? Slow, fast....

I carefully observe my mind and remember that I can choose my thoughts...

Consciously, I begin to redirect my thoughts....

I create positive thoughts about myself...

I think about my good qualities, I identify a specific quality that is special to my mind and which I feel makes me a unique being...

Perhaps the quality is being tolerant, sweet, patient or affectionate...

I create a space in my inner self to discover my best quality, and for a few moments I think about it...

In my mind I see the beauty of this quality and observe how I feel...

I am sweet, I am kind, and as I experience these special qualities, I begin to feel better about my self...

Now I imagine using this quality in my interactions with others. How do I feel when I express and put this quality into practice ?

Using a quality makes me grow, at the same time the good feelings I have about myself as a unique human being also makes me grow...

I enjoy these feelings for a few moments and little by little, breathing deeply, I am aware that I am here; I express my inner beauty...

Sankalan by : ***Pankaj Vallabhji Savla***

**Amazing mathematical clock made by only using 9... those who like maths will find it interesting... I liked it so much... so sharing it with all of you dear friends...**




## REVISED ADVERTISEMENT RATES
### Effective from 1-10-2015

**COLOUR**

| | | | |
|---|---|---|---|
| * 1 | Last Cover Page Outside | Rs. | 3200 |
| * 2 | Second Page (Inside) | Rs. | 2800 |
| * 3 | Last Page (Inside) | Rs. | 2800 |
| 4 | Pin Page | Rs. | 2400 |

**BLACK & WHITE**

| | | | |
|---|---|---|---|
| * 5 | Full Page | Rs. | 800 |
| * 6 | Half Page | Rs. | 500 |
| 7 | Quarter Page | Rs. | 200 |
| 8 | Strip | Rs. | 100 |

Note : If any person gives 12 months advertisements in advance, only 10 months payments will be collected. This concession is allowed in item No.1, 2,3,5 & 6 only marked (*).

# ૧૦ મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**જન્મ**
**તા. ૨૭-૧૨-૧૯૩૬**

**દેહ વિલય**
**તા. ૨૦-૧-૨૦૦૭**

## સ્વ. રતનશી પ્રેમજી ગોગરી, ગામ નાગલપુર

મંગલમૂર્તિ, પ્રતિભાશાળી, ગર્વથી સિંહ જેવું જીવન જીવનારા, નિખાલસતાથી હર હંમેશ સાચી રાહ, ચિંધનારા, અમારા પ.પૂ. વડીલશ્રી આપનું વાત્સલ્ય અમારો પ્રાણ છે. આપનું સંસ્કાર વારસો, કુટુંબ પ્રેમની ભાવના એ જ અમારી મૂડી છે. આપ જીવન જીવવાની સાચી રીત પરિવારને શીખવી ગયા છો. આપે પોતે પરિશ્રમ સંઘર્ષ કરી કુટુંબને સમૃધ્ધ બનાવી અમો સહુને સુખ આપી ગયા છો, જીવનમાં પરિપક્વતા, એ ભલભલી સમસ્યાનું સમાધાન શોધી આપે છે. આપના પરિપક્વ વિચારોએ અમને ઘણું જ્ઞાન પુરૂ પાડ્યું છે.

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પરમપિતા પરમેશ્વર પાસે અમારી પ્રાર્થના.

લી. **મણીબેન રતનશી પ્રેમજી ગોગરી પરિવાર**

**સરલા પ્રફુલ રતનશી ગોગરી પરિવાર**

**૯૮૮૫૧ ૭૭૦૦૦, ૯૮૪૯૦ ૪૫૨૦૫**

(જા.ખ.)



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

Answers to the last month quiz :




Answer is : **9**

Many people have not read the last line calling for the answer correctly.

.................

Last item is minus but people in hurry did not notice that and added the last 'Figure' as 't' and gave their answer as 23.

However, We give below the names of all persons who have attempted to give their answers.

- Akshit Bhavesh Gala
- Bindu Nagda
- Bhavin Gala
- Dhanvi Motta
- Disha Jayesh Gada
- Femi Gada
- Hemali Kantilal Mota
- Heena Vijay Dedhia
- Jugal Dilip Dedhia
- Jigna Momaya
- Jyoti L. Nagda
- Khyati H. Shah
- Kirti Kapadia
- Khiresh Naveen Nagda
- Khush Kailash Chheda
- Lehar Chand Lodaya
- Mayank Ajay Shah
- Meet H. Dand
- Maitri Naveen Gosar
- Mehak Dharod
- Mythri Chheda
- Mamata Shah
- Nehal Bharat Savla
- Navin Chandra Maru
- Nisha Sailesh Maisheri
- Nisha Harish Gala
- Nita J. Parekh
- Pooja Khiresh Lalka
- Pooja Pasad
- Paresh Karani
- Rupesh Haresh Savla
- Raksha Taunk
- Sanjana Jayesh Gada
- Susheela Damji Savla
- Shefali Kapadia
- Sonal Piyush Gosar
- Surili Ashit Patel
- Smita D. Mamania
- Saloni Motta
- Trushali Sanjay Lalka
- Urvi Samkit Lodaya
- Vandana Rana
- Vaishali Sanghoi
- Vaishali Hitesh Heniya
- Vinod J. Shah
- Visakha Harishkumar Maru
- Yashita Dedhia

From ancient time onwards, all the cities are established on the river banks for easy source of water to the population.

Please let me know, on which river banks, the following cities are situated.

1) Ayodhya
2) Allahabad
3) Kolkatta
4) Chennai
5) Vadodara
6) Cairo
7) Karachi
8) London
9) New York
10) Paris
11) Yongoon (Rangoon)
12) Delhi
13) Rajahmundry
14) Baghdad
15) Ahmedabad
16) Hyderabad
17) Bonn
18) Lahore
19) Rome
20) Vijayawada

Now start searching and give your answers by SMS / Whatsup to abovementioned mobile number on or before end of January 2017.

મુંબઈનું પ્રખ્યાત નમકીન, ચીક્કી, ખાખરા હવે હૈદરાબાદમાં

# સમ્રાટ સ્વાદ

નવા વર્ષની
આપ સૌ માનવંતા
ગ્રાહકોને દીલથી
હાર્દિક શુભકામના

ફ્રી
હોમ ડીલીવરી
બડીચૌડી થી
2 km સુધી

ખાખરા (KHAKHRA)
ચીક્કી (CHIKKI)
ચીવડા (CHIWDA)
સેવ/ગાઠીયા (SEV/GATHIYA)
બટર ચકરી (BUTTER CHAKRI)
સોયા વેફર (સ્ટ્રીપસ) (SOYA WAFER)
કેલા વેફર (BANANA WAFER)
બટેરા વેફર (POTATO WAFER)
સોયા કપસ અને સ્ટીક્સ (SOYA CUPS & STICKS)
ચીસ બોલ્સ (CHEESE BALLS)

તથા અન્ય ઘણી સ્વાદીષ્ટ વેરાયટી

**હોમ મેડ ચોકોલેટ**–HOME MADE CHOCOLATES,
**પાન મુખવાસમાં વેરાયટી** – VARIETIES IN PAAN MUKHWAAS

WE TAKE ORDERS FOR :
**અમે કીટ્ટી, બર્થડે પાર્ટી, ગેટ–ટૂ–ગેધર માટે ઓર્ડરથી બનાવી આપીશું.**

પાવ ભાજી–PAV BHAJI, બિર્યાની–BIRYANI, પુરણપોળી–PURAN POLI
સેંડવીચ ઢોકલા–SANDWICH DHOKLA, ઢોકલા–DHOKLA, ખાંડવી–KHANDVI
ઉંધીયાનું શાક તથા અન્ય શાકની વેરાયટી–TASTY CURRY'S

For Free Home Delivery or Shop at your home
what's app or call : **09503565400** (Nitin K. Dand)

**SAMRAT**
SWAAD
(જા.ખ.)

104, 1st Floor, Shyam Enclave, Opp. Canara Bank Badi Chowdi, Hyderabad. (T.S.)



# શ્રદ્ધાંજલી

**શ્રી ખીમજી વેલજી ગડા** (કાકુભાઈ), કચ્છ ભોજાય

સ્વર્ગવાસ તા. ૨૩-૧૨-૨૦૧૬

શ્રદ્ધા સુમન અર્પિતકર્તા : **કસ્તુરબેન ખીમજી ગડા**

કલ્પના રાજેશ ખીમજી ગડા - હેમા નિલેશ ખીમજી ગડા

અક્ષિતા, હર્ષિત, હાર્દિક

ફોન. ૦૪૦-૬૬૪૬૪૨૭૦

## ઋણ સ્વીકાર

અમારા વડીલ **શ્રી ખીમજી વેલજી ગડા** (ઉ.વ. ૮૩) ના અવસાન સમયે અંતિમક્રિયા માટે બધીજ વ્યવસ્થા કરવા બદલ અમે શ્રી કચ્છી મિત્ર મંડળની માનવ મિત્ર સમિતિનાં સર્વે સભ્યોનો, તથા પ્રાર્થના માટે સહાયરૂપ અને સહભાગી થવા બદલ તથા કચ્છી ભવનનો હૉલ ફાળવવા બદલ શ્રી કચ્છી મિત્ર મંડળનાં ટ્રસ્ટી ગણ, કારોબારી સમિતિ તથા અન્ય સર્વે સભ્યોને અંતઃકરણ પૂર્વક આભાર માની છીએ....**ગડા પરિવાર**

(જા.ખ.)




# R.S. BANDHANI HOUSE

*કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં*

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા, હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

CA. DIPTI CHHEDA'S

# CONCEPT CLASSES

- REGULAR BATCH FOR B.COM (ALL PRACTICAL SUBJECTS) STARTING ON 16.1.2017
- IPCC GROUP-1 BATCH FOR MAY 2017 STARTING ON 18-1-2017
- ONLY TEST SERIES WITH WEEKLY PAPER DISCUSSIONS FROM 1.2.2017
  - ✓ Daily home work checking.
  - ✓ Weekly chapter wise class test with detailed suggested answers.
  - ✓ 25 students per batch.
  - ✓ Booster test series before exam with corrected paper discussion and suggested answers.
  - ✓ Library facility available.
  - ✓ Reading room facility available.
  - ✓ For Updates Join Dipti Chheda's Concept classes Page

**Contact : 9394393770 / 8121382124**

**Address**: Concept Classes, Opp.Agra Sweets, Nallakunta OU Road, Next to Deccan Grameen Bank, Hyderabad.

CONCEPTUAL TEACHING – A WAY TOWARDS EXCELLENCE

(જા.ખ.)


।। શ્રી મામલ માતાજીને નમઃ ।।

# દેઢીયા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ.......

સવિનય જણાવવાનું કે દેઢીયા નુખના મામલ માતાજીને નમતાં ભાવિકોની સમુહ પહેડી તા. ૧૨-૨-૨૦૧૭ ને રવિવાર સવારનાં ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે સર્વે ભાવિકોને સહ પરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીકભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ ભાઈઓ પાસે લખાવવા વિનંતી.

<u>અન્ય માહીતી માટે સંપર્ક</u>

| | |
|---|---|
| **હરેશ હેમરાજ દેઢીયા** | **નીલગીરીસ** |
| **૯૨૪૬૧ ૯૪૪૦૫** | **૯૨૪૬૨ ૦૨૧૨૦** |

**નોંધ : કાળા વસ્ત્રો પહેરી આવવું નહીં.**

(જા.ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂા. ૫૦/– માત્ર તથા બસના લાભાર્થી માટે રૂા. ૫૧૦૦/– સાથે સાથે મહીનાના ત્રીજા રવિવારે કાચીગુડાથી શ્રી બઉતેર જીનાલય મેડચલ તીર્થ યાત્રા માટે પણ બસની વ્યવસ્થા છે.

પાછલા થોડા દિવસથી નકરામાં વધારો કરવા માટેના પ્રસ્તાવો આવતા હતાં પરંતુ શ્રી સંઘના સભાસદો, દાતાઓ તથા સંઘપતીના આદેશ થી ઉપરોક્ત પ્રસ્તાવ અસ્વીકાર કરવામાં આવેલ તથા શ્રી સંઘની ગરીમા જાળવવા જેમ છે તેમ રેહવા દેવાનું નક્કી થયેલ. હવે જે નકરો શરૂઆતથી ચાલી રહ્યો છે. તેજ કાયમ ચાલતું રહેશે.

સમસ્ત જૈન સમાજમાં માન્યતા પ્રાપ્ત પ્રશંસનીય આયોજનનું જેટલું લાભ લઈ શકો જરૂરથી લેશો તથા અન્યને પણ લાભલેવા પ્રેરીત કરશો.

શ્રી સંઘ દશાબ્દી વર્ષ ઉજવી રહ્યો છે. એના અનુસંધાનમાં આજીવન સભ્યો બનાવવાની જુંબેશ પૂર જોષમાં ચાલુ છે. રૂા. ૫૦૧/– ભરી આપશ્રી પણ આજીવન સભ્ય બનશો તથા જાવત જીવન શ્રી કુલપાકજી તથા મેડચલ તીર્થ યાત્રાનું લાભ લેશો. ઉપરોક્ત યાત્રા આપશ્રીને શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

શ્રી સંઘના સાધારણ ખાતાની વૃદ્ધી માટે બહારપાડવામાં આવેલ સંકલ્પ અનુદાન પત્ર રૂા. ૧૧૧૧/– માં લઈ આપના પરિવારના પ્રસંગોને યાદગાર બનાવશો તથા પ્રીયજનોની સ્મૃતી ને ઉજાગર બનાવશો. પુણ્યાર્જન કરવાના આવા સુંદર તકને જતી કરતા નહીં.

આગામી કાર્યક્રમમાં ગુરૂવાર તા. ૨૬ જાનેવારી ૨૦૧૭ના સાંજના ૭.૦૦ વાગ્યાથી શ્રી જીનેશ્વર ધામ મંદીર ના પ્રોગ્રામમાં શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સીટીના સહયોગથી સ્તવનોની હરીફાઈ રાખવામાં આવેલ છે. પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે પહેલો, બીજો તથા ત્રીજા પુરસ્કાર થી સન્માનીત કરવામાં આવશે તથા ભાગ લેનાર પ્રત્યેક પ્રતિસ્પર્ધીને પ્રોત્સાહના મુક પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગલેનાર ઈચ્છુક પોતાના નામ ૨૨ જાનેવરી ૨૦૧૭ સુધી સંચાલકશ્રીને લખાવી દેવા વિનંતી.

જુન ૨૦૧૭માં કાતરજ તીર્થ યાત્રાનો આયોજન થએલ છે. સાથે સાથે આજુ–બાજુની પંચતીર્થ પણ કરાવવામાં આવશે તથા એક દિવસ પૂના ભ્રમણ પણ કરવામાં આવશે. નકરો વ્યક્તી દીઠ રૂા. ૫૦૦૦/– રાખવામાં આવેલ છે. ૧૦ ફેબ્રુઆરી પહેલા રૂા. ૧૦૦૦/– ભરીને નામો નોંધવાશો. બાકી રકમ તમારા અનુકુળતા પ્રવાસ શરૂ થાય તે પહેલા ભરવાનો રહેશે.

સર્વેને વિનંતી કે આપશ્રીનો સાથ સહકાર હશે. તો આગળ હજી પણ અનેક યાત્રાઓનું આયોજન થશે. જેની જાહેરાત વક્તો વક્ત જરૂર થશે.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ

હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર